RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 189 *Date: 30.04.2025,Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# અમદાવાદના ચંડોળા તળાવમાં વહેલી સવારથી બુલડોઝર એક્શન શરૂ, મેગા ડિમોલિશન પર સ્ટેની અરજી હાઈકોર્ટે ફગાવી







અમદાવાદ, સુરત અને રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ગેરકાયદે પ્રવાસીઓ વિરુદ્ધ મેગા ઓપરેશન હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. મોટા શહેરોથી લઈને ગ્રામીણ વિસ્તારોમાં પણ બાંગ્લાદેશી ઘૂસણખોરોને શોધી તેમની અટકાયત કરવામાં આવી રહી છે. એવામાં બાંગ્લાદેશી ઘૂસણખોરોના સૌથી મોટા અડ્ડા સમાન ચંડોળા તળાવમાં મેગા ડિમોલિશન કરવામાં આવ્યું છે. જોકે, હવે આ કામગીરી પર સ્ટે મૂકવા માટે હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. જોકે, હાઈકોર્ટ દ્વારા આ અરજી ફગાવી દેવામાં આવી છે. અમદાવાદના ચંડોળા તળાવ પાસે સૌથી વધુ બાંગ્લાદેશી ઘૂસણખોરો રહે છે. પોલીસે અહીંથી જ ૮૦૦થી વધુ જેટલા શંકાસ્પદ લોકોની અટકાયત કરી હતી. એવામાં હવે અહીં ગેરકાયદે બાંધકામો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. સોમવાર રાત્રિથી જ ચંડોળા તળાવ પાસે મોટી સંખ્યામાં બુલડોઝર અને ટ્રકો ગોઠવી દેવામાં આવ્યા હતા. અહીં ગુજરાત પોલીસની સાથે સાથે ક્રાઈમ બ્રાન્ચ, સાયબર ક્રાઈમ, જીઈઁ તથા જીંની ટીમો પણ તૈનાત કરી દેવામાં આવી છે. કુલ બે હજારથી વધુ જવાનો તૈનાત કરાયા છે. અંદાજે ૪૦થી ૫૦ બુલડોઝર અને ૪૦થી વધુ ડમ્પરનો ખડકલો ચંડોળા તળાવ પાસે કરી દેવાયો છે. ચંડોળામાં અત્યાર સુધી ૫૦૦ જેટલા મકાનો અને ઝૂપડાં ધ્વસ્ત કરાયા છે. ત્યારે લલ્લા બિહાર નામનો વ્યક્તિ ખૂબ ચર્ચામાં છે.લલ્લા બિહારીએ પચાવી પાડેલી ૨ હજાર વાર જગ્યા ખુલ્લી કરીને તેના ગેરકાયદે ફાર્મ હાઉસને તોડી પાડવામાં આવ્યું છે. ફાર્મ હાઉસ રૂમ, કિચન, ચિલ્ડ્રન પ્લે એરિયા, ગાર્ડન, ફુવારા, મીની સ્વિમિંગ પુલ, હીંચકા અને છઝ સહિતની સુવિધાઓથી સજ્જ હતું. લલ્લા બિહારી ગેરકાયદે ફાઈનાન્સનો ધંધો કરતો અને ગેરકાયદે બાંગ્લાદેશીઓને આશરો પુરો પાડતો હતો.

લલ્લા બિહાર પશ્ચિમ બંગાળના એજન્ટ થકી બાંગ્લાદેશીઓને લાવતો હતો. તે વ્યક્તિ દીઠ ૧૦થી ૧૫ હજાર રૂપિયા લેતો હતો અને જગ્યા ભાડે આપતો હતો. એટલું ગેરકાયદે આવેલા બાંગ્લાદેશીઓને ખોટા દસ્તાવેજ બનાવી આપતો હોવાના આરોપ છે. ત્યારે પોલીસે લલ્લા બિહારી અને તેના પુત્ર ફતેહની ધરપકડ કરી લીધી છે. હાલ બંનેને ક્રાઈમ બ્રાન્ચ લઈ જવામાં આવ્યા છે. હાલ ડિમોલિશનના આ મુદ્દે ૧૮ જેટલાં અરજદારોએ કામગીરી પર સ્ટે મૂકવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. આ અરજીમાં ડિમોલિશન મુદ્દે અનેક સવાલ ઉઠાવવામાં આવ્યા હતાં. તેમજ નિયમો વિરૂદ્ધ ડિમોલિશનની કામગીરી કરી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. અરજીમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, અહીં રહેતા લોકો બાંગ્લાદેશી નથી અને ખોટી રીતે અમારા મકાન તોડી પાડવામાં આવી રહ્યા છે. આ સિવાય કોઈ ગેરકાયદે વિદેશી છે કે, નહીં તેનો નિર્ણય ફોરેન ટ્રિબ્યૂનલ નક્કી કરે. તેથી તેની સામે કાર્યવાહીના ભાગરૂપે ગેરકાદે રીતે ઘર તોડી ન શકાય. અમને ન તો કોઈ નોટિસ મળી છે અને ન તો પુનર્વસનની કોઈ વાત કરવામાં આવી હતી. આ મુદ્દે ૧૧ વાગ્યે સુનાવણી હાથ ધરવાની હતી. જોકે, હાઈકોર્ટે આ મુદ્દે અરજદારોને અરજી ફગાવી દીધી છે અને ડિમોલિશન પર સ્ટે મૂકવાનો ઈનકાર કરી દીધો છે.

નોંધનીય છે કે ચંડોળા તળાવ પર બાંગ્લાદેશીઓએ ગેરકાયદે ઝૂંપડપટ્ટીઓ બનાવી લીધી છે. છેલ્લા ૧૪ વર્ષમાં અહીં આશરે દોઢ લાખ સ્ક્વેર મીટરની સરકારી જમીન પર દબાણ કરાયું છે. પોલીસ દ્વારા છેક હવે કાર્યવાહી કરવામાં આવતા લોકો એ પણ સવાલ કરી રહ્યા છે કે તંત્રના નાક નીચે વર્ષોથી આટલું ગેરકાયદે બાંધકામ કઈ રીતે ચાલતું હતું?

## બાળકના અપહરણના આરોપમાં અમેરિકાની જેલમાં બંધ ભારતીય પુરુષની વ્યથા

અમેરિકાથી એક ચોંકાવનારા સમાચાર આવ્યા છે, જેમાં બાળકના અપહરણ કરવાના ખોટા આરોપસર ભારતીય મૂળના એક પુરુષને જેલમાં કેદ કરી દેવાયા છે. પુરુષને એ ગુનાની સજા મળી રહી છે જે એમણે કર્યો જ નથી. સીસીટીવી ફૂટેજ એમના નિર્દોષ હોવાની ચાડી ખાઈ રહ્યા છે, તોય એમને જેલમાંથી છોડવામાં નથી આવ્યા. એમને જામીન પણ નથી આપવામાં આવી રહ્યા.આ ઘટના ૧૮ માર્ચના રોજ અમેરિકાના જ્યોર્જિયાના વોલમાર્ટમાં બની હતી. ૫૬ વર્ષીય ભારતીય મૂળના પુરુષ મહેન્દ્ર પટેલ કંઈક ખરીદવા માટે વોલમાર્ટ ગયા હતા. એ જ સમયે ૨૬ વર્ષીય મહિલા કેરોલિન મિલર પણ તેની ચાર વર્ષની દીકરી અને બે વર્ષના દીકરા સાથે મોટરાઈઝ્ડ શોપિંગ કાર્ટ પકડીને શોપિંગ કરી રહી હતી. કેરોલિને દાવો કર્યો હતો કે મહેન્દ્ર પટેલે તેની પાસે આવીને તેનું ધ્યાન જુદી દિશામાં દોરાય એ માટે પહેલાં તો તેની પાસે ટાયલેનોલ (એક પ્રકારની દવા) માંગી હતી અને પછી તેના બે વર્ષના પુત્રને તેના ખોળામાંથી ઉપાડી લેવાનો પ્રયાસ કર્યો હતો. તેને મહેન્દ્ર પર તેના પુત્રનું અપહરણ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો, જે બદલ મહેન્દ્ર પટેલને જેલભેગા કરી દેવાયા હતા.

## સોનાના ઊંચા ભાવે અખાત્રીજે ઘરાકી નહીવત, ખરીદી ૫૦થી ૬૦ ટકા સુધી ઘટવાની ભીતિ

અક્ષય તૃતીયા પર્વ નિમિત્તે સોના-ચાંદીની ખરીદીની વર્ષો જૂની પરંપરા પર મોંઘવારીનું પાટુ પડ્યું છે. વૈશ્વિક સ્તરે જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ અને આર્થિક મંદીની ભીતિ વચ્ચે સોનું છેલ્લા ચાર માસમાં જ રૂ. ૨૦,૩૦૦ મોંઘુ થયું છે. સોનાનો તોલાદીઠ ભાવ એક લાખની સપાટીએ પહોંચી જતાં આ વર્ષે ઘરાકી નહિંવત્ત જોવા મળશે. સોનાના ઊંચા ભાવોના કારણે એડવાન્સ બુકિંગનું પ્રમાણ માંડ ૫-૧૦ ટકા જોવા મળ્યું છે.



વૈશ્વિક પરિબળોના કારણે છેલ્લા ચાર મહિનાથી જ કિંમતી ધાતુમાં તેજી જોવા મળી છે. જેના લીધે છેલ્લા ચાર માસમાં સોનું રૂ. ૨૦૩૦૦ જ્યારે વાર્ષિક ધોરણે રૂ. ૨૪૫૦૦ મોંઘુ થયું છે. અમદાવાદ ચોક્સી મહાજનના જણાવ્યા પ્રમાણે, સોનાના અત્યંત ઊંચા ભાવોના કારણે નવી ઘરાકી જોવા મળી નથી. આ વર્ષે અક્ષય તૃતીયામાં સોનાની ખરીદી ૫૦-૬૦ ટકા ઘટશે. આજે પણ સોનાની કિંમત રૂ. ૧૦૦૦ ઉછળી રૂ. ૯૯૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાઈ હતી. ૨૨ એપ્રિલના રોજ અમદાવાદમાં સોનું રૂ. ૧૦૧૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની સર્વોચ્ચ ટોચે પહોંચ્યું હતું. આવતીકાલે અખાત્રીજ (અક્ષય તૃતીયા) હોવા છતાં ૭૦થી ૮૦ ટકા જ્વેલર્સમાં નવી ખરીદી કરનારાઓએ કોઈ એડવાન્સ બુકિંગ કરાવ્યા નથી. જો કે, જૂના ગ્રાહકો વેચાણ કરી પ્રોફિટ બુક કરતાં જોવા મળ્યા છે.

## બહુ જલદી યૂઝર્સ હવે બ્રાઉઝર પરથી પણ કરી શકશે વોટ્સએપ કોલ

વોટ્સએપ કોલ કરવા માટે હાલમાં મોબાઈલ એપ્લિકેશન અથવા ડેસ્કટોપ એપ્લિકેશનની જરૂર પડે છે. જોકે હવે વોટ્સએપ વેબ બ્રાઉઝર દ્વારા પણ કોલ કરી શકાય તે માટે કામ ચાલી રહ્યું છે. તેની મદદથી યૂઝર્સ હવે વોટ્સએપ કોઈ પણ પ્લેટફોર્મ પર ઉપયોગ કરી રહ્યા હોય, તો પણ તે ફોન અને વીડિયો કોલ કરી શકશે. ઉછમીૈંહર્ક દ્વારા આ ફીચરને હાલ નોટિસ કરવામાં આવ્યું છે.વોટ્સએપ હાલમાં તેમના દરેક પ્લેટફોર્મ પર યૂઝર્સને ફોન અને વીડિયો કોલ કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવા પર કામ કરી રહ્યું છે. અત્યારે વોટ્સએપ કોલ કરવો હોય તો મોબાઈલ એપ્લિકેશન અથવા ડેસ્કટોપ એપ્લિકેશનનો ઉપયોગ કરવો પડે છે. જોકે હવે આ સુવિધા વેબ બ્રાઉઝર પર પણ ઉપલબ્ધ થવા જઈ રહી છે. ઉછમીૈંહર્ક દ્વારા એક સ્ક્રીનશોટ શેર કરવામાં આવ્યું છે જેમાં કેમેરા અને ફોનના બટન વેબ બ્રાઉઝરના વર્ઝનમાં જોવા મળી રહ્યા છે. આ ફીચર હાલ વેબ બ્રાઉઝર પર ઉપલબ્ધ નથી, પરંતુ તેનું ટેસ્ટિંગ ચાલી રહ્યું છે.વોટ્સએપ હવે માઈક્રોસોફ્ટ ટીમ્સ અને ઝૂમ એપ્લિકેશન્સને ટક્કર આપવાની કોશિશ કરી રહ્યું છે. વોટ્સએપ વેબ પર હાલ આ ફીચર ન હોવાથી કોર્પોરેટ કંપનીઓમાં કોન્ફરન્સ કોલ માટે માઈક્રોસોફ્ટ ટીમ્સ અને ઝૂમ એપ્લિકેશન્સનો ઉપયોગ થાય છે.

## ભારત સાથે તણાવ બાદ બેબાકળું પાકિસ્તાન મદદ માટે રશિયા પહોંચ્યું

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલીનો માહોલ સર્જાયો છે. ભારત સતત પાકિસ્તાન વિરૂદ્ધ આકરી કાર્યવાહી હાથ ધરી રહ્યું છે. હાલમાં જ તેણે ફ્રાન્સમાંથી રાફેલ-એમ ફાઈટર એરક્રાફ્ટની ડીલ કરી પોતાનું સામર્થ્ય વધાર્યું છે. બીજી બાજુ પાકિસ્તાન યુદ્ધના ભણકારા વચ્ચે તુર્કિયે, ચીન, બ્રિટન જેવા દેશો પાસે મદદ માગી રહ્યું છે. પાકિસ્તાન હવે મદદ માટે રશિયા પહોંચ્યું છે. પાકિસ્તાનના રાજદૂત મોહમ્મદ ખાલિદ જમાલીએ હાલમાં જ રશિયાના નાયબ વિદેશ મંત્રી આંદ્રે રૂદેનકો સાથે મુલાકાત કરી હતી. તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ મુદ્દે વાતચીત કરી ભય વ્યક્ત કર્યો હતો કે, ભારત તેના પર હુમલો કરી શકે છે. રશિયાને આ યુદ્ધ રોકવા અપીલ કરી છે. પાકિસ્તાનને સતત ભય છે કે, ભારત ગમે ત્યારે પાકિસ્તાન પર યુદ્ધ કરી શકે છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત એક્શનમાં છે. તેણે અત્યારસુધી અનેક મોટા નિર્ણયો લીધા છે.રશિયાના વિદેશ મંત્રાલયે પાકિસ્તાનના રાજદૂત સાથેની મુલાકાત અંગે જણાવ્યું હતું. રશિયાએ કહ્યું કે, તેણે પાકિસ્તાનને સલાહ આપી છે કે, તે ભારત સાથે વાતચીત કરી આ મુદ્દો ઉકેલે. આ પહેલાં પાકિસ્તાન તુર્કિયે પાસે પણ પહોંચ્યું હતું. પહલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન ભારતની કાર્યવાહીથી બચવા માટે યુએન, બ્રિટન, તુર્કિયે, અને હવે રશિયા પાસે સમર્થન માગી રહ્યું છે. જે સંકેત આપે છે કે, પાકિસ્તાન સતત ભારત સાથે યુદ્ધના ભય હેઠળ જીવી રહ્યું છે.

## ટ્રુડોની ખુરશી જતાં જ ખાલિસ્તાન સમર્થક જગમીત સિંહને ઝટકો, ચૂંટણીમાં સૂપડા સાફ

કેનેડાની સામાન્ય ચૂંટણીમાં વડાપ્રધાન માર્ક કાર્ની (સ્ફ્રા ઝફ્રહિઅ)ની લિબરલ પાર્ટી બહુમતિ તરફ આગળ વધી રહી છે. અત્યાર સુધીમાં લિબરલ પાર્ટી ૧૬૫ બેઠકો પર આગળ ચાલી રહી છે, જ્યારે ખાલિસ્તાની નેતા જગમીત સિંહ હારી ગયા છે. ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (દ્ગઁ) ના નેતા જગમીત સિંહ બર્નાબી સેન્ટ્રલ બેઠક પરથી ચૂંટણી હારી ગયા છે. તેમણે પોતાની હાર સ્વીકારી લીધી છે અને દ્ગઁ નેતા પદેથી રાજીનામું પણ આપી દીધું છે. તેમની દ્ગઁ પાર્ટી ૭ બેઠકો પર આગળ છે. આ ચૂંટણીમાં દ્ગઁના સમર્થન આધાર ગુમાવવાને કારણે પાર્ટીએ રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો પણ ગુમાવ્યો છે.સતત આઠ વર્ષ સુધી દ્ગઁના વડા રહેલા જગમીતે હાર સ્વીકારતા કહ્યું કે, 'હું નિરાશ છું કે આપણે વધુ બેઠકો જીતી ન શક્યા. પણ હું અમારી પ્રવૃત્તિઓને લઈને નિરાશ નથી. હું અમારા પક્ષ વિશે આશાવાદી છું. હું જાણું છું કે, અમે હંમેશા ડર કરતાં આશાને પસંદ કરીશું. તેમણે કહ્યું કે, પરંતુ અમને માત્ર ત્યારે જ હરાવી શકાશે કે, જ્યારે અમે એવા લોકો પર વિશ્વાસ કરીશું જેઓ કહે છે કે આપણે ક્યારેય સારા કેનેડાનું સ્વપ્ન નહીં જોઈ શકીએ. હું હંમેશા સંઘર્ષ કરતાં આશા પસંદ કરું છું. એનડીપીએ ૩૪૩ બેઠકો પર ચૂંટણી લડી હતી. પાર્ટીએ છેલ્લી ચૂંટણીમાં ૨૪ બેઠકો જીતી હતી. કેનેડામાં ખાલિસ્તાન સમર્થકો માટે આને એક મોટા ઝટકો કહેવામાં આવી રહ્યો છે. તો બીજી બાજુ વડાપ્રધાન માર્ક કાર્નીની લિબરલ પાર્ટી ફરી એકવાર સરકાર બનાવવા જઈ રહી છે. પોતાના સમર્થકોને સંબોધતા કાર્નેએ કહ્યું કે, 'કેનેડાની સાર્વભૌમત્વ સાથે કોઈ બાંધછોડ કરવામાં નહીં આવે.

## તંત્રી લેખ...

# વિશ્વના બજારોમાં અનિશ્ચિતતા, ઉથલપાથલ અને અરાજકતા

અમદાવાદ : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૯ એપ્રિલે પોતાના કાર્યકાળના ૧૦૦ દિવસના સીમાચિહ્નરૂપ પર પહોંચવાના છે. આ ૧૦૦ દિવસમાં ટેરિફની જાહેરાત, તેનો અમલ મુલતવી રાખવો, એક્ઝિક્યુટિવ ઓર્ડર સહિતના અન્ય નિર્ણયોના કારણે ટ્રમ્પ વૈશ્વિક ચર્ચામાં ઉભરી આવ્યા છે. યુએસ રાષ્ટ્રપતિએ વિશ્વના બજારોને અનિશ્ચિતતા અને ઉથલપાથલ અને અરાજકતા વચ્ચે ફસાવી દીધું છે.ટ્રમ્પ દ્વારા ટેરિફની જાહેરાત અને બજારોની અનિશ્ચિતતા અને ઉથલપાથલ બાદ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે તેની તાજેતરની આગાહીમાં, વૈશ્વિક વૃદ્ધિના અંદાજને ઘટાડી ૩ ટકાથી નીચે કર્યો છે અને જો અનિશ્ચિતતા ચાલુ રહે તો વધુ ખરાબ થવાની ચેતવણી આપી છે.શેરબજારોની વાત કરીએ તો વિશ્વના અનેક બજારોમાં સૂચકાંકોમાં ઘટાડો થયો અને પછી તેજી પણ જોવાઈ, પરંતુ બેન્ચમાર્ક જીશ્ ૫૦૦ તેના ઉચ્ચતમ સ્તરથી પાછળ રહ્યો અને રોકાણકારોએ વિશ્વભરમાં અબજોનું નુકસાન કર્યું હતું. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં ટોચના ૧૦માંના દરેકે પૈસા ગુમાવ્યા છે. અમેરિકાના મિશિગન યુનિવર્સિટીના ગ્રાહક ભાવના સર્વે - ૫૨ ૫૨ છે, જે ડિસેમ્બરના સ્તર ૭૪ કરતા ઘણો નીચે છે. ટ્રમ્પના રાષ્ટ્રપતિ પદના ૧૦૦ દિવસ નજીક આવી રહ્યા છે, તેમ તેમ તેમણે અત્યાર સુધી જે કર્યું છે તેના પર અમેરિકનોના મંતવ્યો ખૂબ જ નકારાત્મક બન્યા છે.અમેરિકી શેરબજારનો ડાઉ જોન્સ રોલરકોસ્ટર પર છે. ટેરિફની જાહેરાત સાથે તે નીચે ગયો, ૯૦-દિવસના વિલંબના સમાચાર સાથે તે વધ્યો, અને વધતા જતા વૈશ્વિક વેપાર યુદ્ધના હેડલાઈન્સ સાથે તેમાં પ્રચંડ વોલાટાલિટી જોવા મળી છે. કોરોનાવાયરસ પછી બજારોએ સૌથી ખરાબ ઘટાડાનો સામનો કરવો પડયો અને બોન્ડ માર્કેટમાં પણ ઐતિહાસિક ગભરાટ જોવા મળ્યો હતો. વૈશ્વિક રોકાણકારો યુએસ શેરબજારમાંથી અભૂતપૂર્વ દરે નાણાં ખેંચી રહ્યા છે. તેઓ યુએસ ટ્રેઝરી પણ વેચી રહ્યા છે, જેણે દાયકાઓમાં તેમના સૌથી ખરાબ પતનમાંથી એકનો સામનો કર્યો હતો અને ઈક્વિટી મૂલ્યાંકન પર દબાણ ઉમેર્યું હતું.

# અમદાવાદ શહેરમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૭૦ લાખથી વધુ વૃક્ષોનું વૃક્ષોરોપણ



અમદાવાદ મહાનગરે ૭૦ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર અને સાબરમતી રિવરફ્રન્ટના પરિણામે તથા કાંકરિયા સહિતનાં તળાવોના પુનઃ નિર્માણ દ્વારા જળસંચય-સંગ્રહ તથા ગ્રીન કવરમાં નોંધપાત્ર વધારો કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકપ્રિય કાર્યક્રમ 'મન કી બાત'ના તારીખ ૨૭ એપ્રિલના એપિસોડમાં અમદાવાદ મહાનગરની આ નોંધપાત્ર કામગીરીની પ્રશંસા કરી હતી. વૃક્ષાચ્છાદિત આવરણ વધતા અને જળસંગ્રહ ક્ષમતા માટેના ઉપાયો હાથ ધરાતા અમદાવાદ ગ્લોબલ વૉર્મિંગ સામે લડનારા મુખ્ય શહેરોમાંનું એક શહેર બન્યું છે, એમ પણ પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીએ કરેલી આ પ્રશંસા અમદાવાદ સહિત સમગ્ર રાજ્ય માટે 'એક પેડ મા કે નામ' ના આહવાનને ઝીલી લેવાની નવી પ્રેરણા પૂરી પાડશે, તેમ જણાવ્યું હતું. 'એક પેડ મા કે નામ' અને 'કેચ ધ રેઈન' જેવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સંકલ્પો પાર પાડવા ગુજરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં સંપૂર્ણ સજ્જ છે.રાજ્યના શહેરો - નગરોના સર્વગ્રાહી વિકાસની નેમ સાથે આ વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવીને પર્યાવરણપ્રિય અને સાતત્યપૂર્ણ વિકાસ માટે રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે સંગીન આયોજન કર્યું છે.મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં શહેરી વિકાસ વિભાગે ગ્રીન કવર વધારવાના ઉદ્દેશ્યો સાથેના કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો પણ કર્યા છે.

અમદાવાદ મહાનગરપાલિકાએ 'કેચ ધ રેઈન' અન્વયે રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે પરકોલેટિંગ વેલ, ખંભાતી કૂવા તથા જળસંચયના જે કામો જનભાગીદારીથી મોટા પાયે હાથ ધર્યા છે તે પ્રોજેક્ટને રાજ્ય વ્યાપી બનાવવા માટે કેચ ધ રેઈન માટે રૂ.૨૦૦ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે. આ ઉપરાંત જળસંચયના ભાગરૂપે રાજ્યના મોટા મહાનગરોના તળાવનું ઈન્ટરલિંકિંગ કરવાનું આયોજન પણ આ શહેરી વિકાસ વર્ષમાં કરાયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધરતી માતાનું સ્વાસ્થ્ય જાળવી રાખવા સાથે આવનારી પેઢીના ભાવિની સુરક્ષા હેતુસર ક્લાઈમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા વધુને વધુ વૃક્ષો 'એક પેડ માં કે નામ' અભિયાનથી વાવવાનું દેશવાસીઓને આહવાન કર્યું છે.


ગુજરાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આગામી ચોમાસા પહેલા આ અભિયાન રાજ્યભરમાં હાથ ધરીને ૫૦ લાખથી વધુ વૃક્ષો શહેરી વિસ્તારોમાં વાવવાનું નક્કી કર્યું છે.

## જીવંત મરી રહી છે

મુંબાઇની શેઠાણી જેમ,
ચારેકોરથી ફૂલીફાલી.
ઉકરડાનું ઉદાહરણ ટાંકવાથી,
સુજ્ઞજનો ભીંડાના ફોડવા જેવા,
નાકનું ટીચકું ચડાવશે!
કર્કશા સ્ત્રીના અકર્ણપ્રિયવચનો જેવો,
ઘેરો લીલો મઝહબી રંગ,
પતંગિયા જેવો મસ્ત પીળો રંગ ,
વસંતમાં તો મંથરા મેનકા ભાસે!!
પાનખરમાં સંકોચાઇ જેમ,
સ્ત્રીઓને આદતવશ ,
ગાલ પર શરમના શેરડા ધસે છે.
એની પાસે સાચવવા જેવું શું છે?
એની પાસે છીનવવા જેવું શું છે?
ગુલાબ જેવું સૌંદર્ય હોય તો સમજ્યા!
આના ફૂલ કોઇ રૂપસામ્રાજ્ઞી અંબોડે ઘાલવાની છે?
બિલીના છોડ જેવા હકારાત્મક કાંટા હોય તો સમજ્યા!
ગુમાન મીણબત્તીના મીણની જેમ ગળવા વાગ્યું
કાંટાઓ, પાંદડા પર મરણછાયા દેખાવા માંડી!!
લજામણીને અડકીએ કે,
લજામણી લજવાઈ જાય!
દોકડાને અટકીએ કે,
ગૂંચળું વળી જાય!
સૂકા ધુમ્મસ જેવી છાયામાં જકડાઇ ગઇ.
છોડને નાભિશ્વાસ પર છે એમ કહી શકાય.
પેલી ગુમાની ભોરીંગડી
મૂળશ્વાસે જીવંત મરી રહી છે!!!

ભરત વૈષ્ણવ

# વિવિધ એમ.ઓ.યુ હસ્તાક્ષર, ડ્રોન તાલીમ કેન્દ્રો તથા આઈટીઆઈના નવીન મકાનોનું વર્ચ્યુલી લોકાર્પણ કરાયું




આજે ગાંધીનગર ખાતે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે રાજ્યના રોજગારવાન્છું યુવાનો માટે કૌશલ્યા –ધ સ્કિલ યુનિવર્સિટી તથા નર્મદા રૂરલ ડેવલોપમેન્ટ સોસાયટી, નેમટેક તેમજ અમદાવાદ કસ્ટમ બ્રોકર એસોસિએશન સાથે એમ.ઓ.યુ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કેબિનેટ મંત્રીશ્રીના હસ્તે કૌશલ્યા –ધ સ્કિલ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ ડ્રોન અંતર્ગત નવનિર્મિત ડ્રોન તાલીમ કેન્દ્ર બીલીમોરા અને માંડવી – સુરતનું લોકાર્પણ કરાયું હતું. મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે રૂ.૮૫ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલ આઈ.ટી.આઈ ભાવનગર, પ્રતાપનગર અને દેવભૂમિ દ્વારકા નવનિર્મિત મકાનનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી નીમુબેન બામણીયા વર્ચ્યુલી તેમજ શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કુંવરજી હળપતિ પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જી.એન.એફ.સી. ભરૂચના તાબા હેઠળ ચાલતી 'નર્મદા રૂરલ ડેવલોપમેન્ટ સોસાયટી' સાથેના એમ.ઓ.યુ. થકી કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સીટી દ્વારા માન્ય ડિગ્રી, ડિપ્લોમા, સર્ટિફિકેટ તથા અન્ય શોર્ટ ટર્મ-લોંગ ટર્મ કોર્ષ માંગ અનુસાર મંજૂર કરી ચલાવાશે, ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ - ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના તથા અન્ય ઉદ્યોગોના ટ્રેનરને તાલીમબદ્ધ કરાશે, બજારની માંગ અનુસાર નવીનતમ ટેકનોલોજીને અનુરૂપ સ્કિલના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે, રિસર્ચ-કન્સલ્ટિંગ બાબતે કામગીરી કરાશે તેમજ વર્લ્ડ સ્કિલ કોમ્પિટિશન જેવી સ્પર્ધાઓમાં રાજ્યના યુવાનો માટે તાલીમ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે.આ એમ.ઓ.યુ.થી નેમટેક દ્વારા ચલાવતા અભ્યાસક્રમને કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સીટી દ્વારા નિયમનુસાર એફિલીએશન પ્રદાન કરવામાં આવશે, યુનિવર્સીટી દ્વારા માન્ય ડિગ્રી, ડિપ્લોમા, સર્ટિફિકેટ તથા અન્ય શોર્ટ-લોંગ ટર્મ કોર્ષમાં સમયની માંગ અનુસાર મંજૂર કરી ચલાવાશે, થીયરી, પ્રેક્ટિકલ, ડેમોસ્ટ્રેશન, લેબોરેટરી, વર્કશોપ વગેરેની ફેસીલીટી પૂરી પાડવામાં આવશે, તાલીમ કાર્ય માટે નિષ્ણાંત ફેકલ્ટીની સેવાઓ નેમટેક દ્વારા પૂરી પાડવામાં આવશે, સમયાંતરે ટ્રેનર્સને તાલીમ અપાશે તેમજ ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોને નેમટેક પ્લેસમેન્ટ માટે મદદરૂપ થશે.

કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સીટી અને અમદાવાદ કસ્ટમ બ્રોકર એસોસિએશન એમ.ઓ.યુ. થકી લોજિસ્ટિક સેકટરને લગતા નવીન અભ્યાસક્રમો એસોસિએશનની મદદથી તૈયાર કરવામાં આવશે, રાજ્યના યુવાધનને રોજગારી તેમજ સ્વરોજગારી આપવા માટે જરૂરી સ્કિલ આપી મદદરૂપ થશે, લોજિસ્ટિક સેકટરને લગતા ઉદ્યોગગૃહોની માંગને અનુરૂપ તાલીમ અને રિસર્ચ બાબતે સંબંધિત ઉદ્યોગગૃહો સાથે જોડાણ કરવામાં આવશે, આ એસોસિએશન ઉદ્યોગની માંગ અનુસાર નવીનતમ ટેકનોલોજીઓ અને કૌશલ્યો વિશે જાગૃતિ લાવવા માટે સહાય રૂપ થશે.આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી દ્વારા સ્કુલ ઓફ ડ્રોન અંતર્ગત અત્યાર સુધી બે ડ્રોન પાયલોટ ટ્રેનિંગ સેન્ટર સ્કૂલ સ્વર્ણિમ યુનિવર્સિટી અને કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી કેમ્પસ, શિલજ ખાતે કાર્યરત છે. રાજ્યના યુવાધનને ડ્રોન પાયલોટની તાલીમ ઘરઆંગણે મળી રહે તે માટે રાજ્યની ૧૯ આઈ.ટી.આઈ. સંસ્થાઓમાં જરૂરી માળખાકીય સુવિધાઓ ઉભી કરવાની કાર્યવાહી રાજ્ય સરકારે હાથ ધરી છે. જે પૈકી પ્રથમ તબક્કામાં આઈ.ટી.આઈ. બીલીમોરા અને આઈ.ટી.આઈ. માંડવી-સુરતને કેન્દ્ર સરકારના ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન ડી.જી.સી.એ. નવી દિલ્હી તરફથી રિમોટ પાયલોટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન એટલે કે ડ્રોન પાયલોટ તાલીમ કેન્દ્રની માન્યતા પણ પ્રાપ્ત થઇ છે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યના યુવાનો ડ્રોન પાયલોટ ટ્રેનિંગનાં માધ્યમથી કૃષિ, રિઅલ એસ્ટેટ, ફિલ્મમેકિંગ, ઈન્સ્પેક્શન જેમ કે પાવર લાઈન, ઓઈલ પાઈપલાઈન, સર્વે અને મેપિંગ જેવા ક્ષેત્રોમાં ટ્રેઈન્ડ ડ્રોન પાઈલોટની કામગીરી કરી શકશે. યુવાનો આ ટ્રેનીંગનાં માધ્યમથી ફોટોગ્રાફી-વિડિઓગ્રાફી, એરિયલ સર્વેની કામગીરી કરીને સારી આજીવિકા પણ કમાઈ શકે છે.આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે ભાવનગર ખાતે આવેલા ઔધોગિક તાલીમ સંસ્થાના રૂપિયા ૩૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા નવા ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેમાં ૪૫ વર્કશોપ, ૩૫ થીયરીરૂમ, ૧૪ અન્ય રૂમ તેમજ આઈ.ટી લેબ બનવવામાં આવી છે. તેવી જ રીતે દેવભૂમિ દ્વારકા ખાતે રૂપિયા ૧૪ કરોડથી વધુની રકમમાં ૨૨ વર્કશોપ, ૧૭ થીયરીરૂમ, ૧૪ અન્ય રૂમ, લાઈબ્રેરી તેમજ આઈ.ટી લેબ બનવવામાં આવી છે. આ ઉપરાંત નર્મદા જિલ્લાના પ્રતાપનગર ખાતે રૂપિયા ૮ કરોડથી વધુના ખર્ચે ૦૯ વર્કશોપ, ૦૯ થીયરીરૂમ, ૦૮ અન્ય રૂમ, લાઈબ્રેરી અને આઈ.ટી લેબ સહિતની સુવિધાઓ રાજ્યનાં યુવાનો માટે કુલ રૂ. ૫૮ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી છે, જેનુ મંત્રીશ્રીના હસ્તે ઈ- લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે નર્મદા, દેવભૂમિ દ્વારકા અને ભાવનગરના ધારાસભ્યશ્રીઓ તેમજ અગ્રણીઓ, શ્રમ- કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અગ્ર સચિવ ડૉ. વિનોદ રાવ, જી.એન.એફ.સી.ના એમડી ડૉ. ટી. નટરાજન, કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સીટીના ડાયરેક્ટર જનરલ ડૉ. એસ.પી.સિંઘ, રજિસ્ટ્રાર સુશ્રી રેખા નાયર, ચીફ સ્કિલ કોર્ડીનેટર શ્રી પી.એ.મિસ્ત્રી, એક્સઝીક્યુટિવ ડાયરેક્ટર શ્રી મુરતજા સમશી, એન.આર.ડી.એસ.ના ફંકશનલ હેડ શ્રી નિતેશ નાયક અને લીગલ હેડ શ્રી રિકેશ પટેલ, નેમટેકના ડાયરેક્ટર શ્રી અરુણકુમાર પિલ્લાઈ, અમદાવાદ કસ્ટમ બ્રોકર એસોસિએશનના પ્રમુખ શ્રી પરાગ બરાઈયા, વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. દર્શન મશરૂ તેમજ સેક્રેટરી શ્રી વિરલ ઝવેરી સહિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજસ્થાનમાં ગરમીએ ૭ વર્ષનો રેકોર્ડ તોડયો: જેસલમેરમાં તાપમાન ૪૬ ડિગ્રીને પાર;

દેશના ઘણા રાજ્યોમાં ભીષણ ગરમીથી લોકો પરેશાન છે. સોમવારે રાજસ્થાનમાં ગરમીએ ૭ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો. જેસલમેરમાં દિવસનું તાપમાન ૪૬.૨ ડિગ્રી સેલ્સિયસ હતું. એપ્રિલ મહિનામાં નોંધાયેલું આ સૌથી વધુ તાપમાન છે. આ પહેલા ૩૦ એપ્રિલ, ૨૦૧૮ના રોજ જેસલમેરમાં તાપમાન ૪૬.૧ ડિગ્રી હતું.જેસલમેર ઉપરાંત બાડમેરમાં તાપમાન ૪૬.૪ ડિગ્રી નોંધાયું હતું. જોધપુરમાં તાપમાનનો પારો ૪૪.૪ ડિગ્રી સુધી પહોંચી ગયો. જયપુર, અલવર, ભીલવાડા સહિત અન્ય શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર રહ્યું. હવામાન વિભાગે જણાવ્યું છે કે રાજ્યમાં બે દિવસ સુધી ભારે ગરમી રહેશે. ૧ મેથી વાવાઝોડું અને વરસાદ પડવાનું શરૂ થઈ શકે છે.બીજી તરફ, આજે મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં વરસાદનું એલર્ટ છે. આનાથી લોકોને કાળઝાળ ગરમીથી રાહત મળી શકે છે. મધ્યપ્રદેશમાં ૨ મે સુધી અને યુપીમાં ૩ મે સુધી ઝરમર વરસાદ રહેશે. લખનઉમાં સવારથી જ વાદળછાયું વાતાવરણ છે. ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. યુપીના ૩૫થી વધુ જિલ્લાઓમાં તાપમાન ૪૦ ડિગ્રીથી નીચે આવી ગયું છે.હવામાન વિભાગે બિહાર અને છત્તીસગઢમાં વરસાદ



સાથે વાવાઝોડા અને વીજળી પડવાની આગાહી કરી છે. આ દરમિયાન પવનની ગતિ ૪૦ થી ૬૦ કિમી પ્રતિ કલાકની હોઈ શકે છે. બિહારના ૧૫ જિલ્લાઓમાં યલો એલર્ટ છે. સોમવારે છત્તીસગઢના અનેક જિલ્લાઓમાં વરસાદ અને વાવાઝોડા સાથે કરા પડ્યા. વરસાદ પછી તાપમાનમાં ૭.૩ ડિગ્રીનો ઘટાડો થયો છે.કેરળ, કર્ણાટક, ઓડિશા, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં પણ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં કાલ વૈશાખીની મોસમ ચાલી રહી છે. કાલ વૈશાખી દરમિયાન ભારે વાવાઝોડા, વીજળી અને ગાજવીજ સાથે વરસાદ પણ આવે છે.સિક્કિમમાં અવિરત વરસાદ અને ભૂસ્ખલન બાદ, મંગન જિલ્લામાં એસપી કાર્યાલયે પ્રવાસી વાહનોની અવરજવર માટે નવો સમય જારી કર્યો છે. ૩૦ એપ્રિલથી, ગંગટોકથી મંગન અથવા ચુંગથાંગ જતા પ્રવાસી વાહનોએ બપોરે ૨ વાગ્યા સુધીમાં સંક્લાંગ અથવા ફિડાંગ બેઈલી બ્રિજ થઈને સંક્લાંગ વિસ્તાર પાર કરવાનો રહેશે. ચુંગથાંગથી ગંગટોક તરફ જતા વાહનોએ બપોરે ૩:૩૦ વાગ્યા સુધીમાં સંક્લાંગ બેઈલી બ્રિજ પાર કરવાનો રહેશે.

# ગાંધીનગર મહાનગર ભાજપ અધ્યક્ષ તરીકે શ્રી આશિષભાઈ દવેની નિયુક્તિ



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પ્રદેશ ભાજપ દ્વારા ગાંધીનગર મહાનગર ભાજપ અધ્યક્ષ તરીકે શ્રી આશિષભાઈ દવેની નિયુક્તિ કરાઈ છે. ભારતીય જનતા પાર્ટીના સંગઠન પર્વ અંતર્ગત અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં ભાજપના રાષ્ટ્રીય કિસાન મોરચાના મહામંત્રીશ્રી બાબુભાઈ જેબલિયાએ આશિષભાઈ દવેના નામની જાહેરાત કરી હતી.

શ્રી આશિષભાઈ દવેએ શહેર ભાજપ પ્રમુખ તરીકે નિયુક્તિ બાદ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, ઉત્તર ઝોનના પ્રભારી મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો અને સૌ કાર્યકર્તાઓ સાથે મળી આગામી સમયમાં મજબૂતાઈથી સંગઠનની જવાબદારી નિભાવવાનો નિર્ધાર કર્યો હતો.

બપોરે ૧૨.૩૯ કલાકે શ્રી આશિષભાઈ દવેએ શહેર ભાજપ કાર્યાલય, સેકટર ૨૧ ખાતે પ્રમુખ તરીકે વિધિવત પદભાર સંભાળ્યો હતો. મહાનગરના પ્રભારી નૌકબેન પ્રજાપતિ, મહાનગરના ચુંટણી અધિકારી શ્રી મયુરભાઈ સુથાર, પૂર્વ અધ્યક્ષ શ્રી ઋચિર ભટ્ટ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ડે. મેયર નટવરજી ઠાકોર, સ્ટે. કમિટી ચેરમનશ્રી ગૌરાંગ વ્યાસ, શહેર ભાજપના અગ્રણીઓ, નગરસેવકો, કાર્યકર્તાઓ, શુભેચ્છકોએ શ્રી આશિષભાઈ દવેને અભિનંદન પાઠવ્યા હતાં.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




***NOG SS NO:- 364***

★વિષય:- આતંકવાદ★
★શીર્ષક:-"કહો આતંકવાદીઓ"★
★પ્રકાર:- પદ્ય શબ્દો:- ૯૬★

કહો આતંકવાદીઓ, માનવતા તમારી કેમ મરી પરવારી છે ?
અલ્લાહના ડર વિના બર્બરતા આવી કેમ પ્રસરાવી છે ?

ભારતમાતાના શિરમોર સમાન કાશ્મીરને લગાડ્યું છે કલંક,
સ્વર્ગ - જન્નત સમાન ભૂમિને તમે બનાવી દીધું છે નરક,
૨૭ નિર્દોષોની જાન લેવા ★"ધર્મ"★ પૂછીને તમે બુલેટ ધરબાવી છે.

ખુદાએ ઈન્સાન બનાવીને ઈન્સાનિયત કાજે મોકલેલા છે,
માનવ્ય ભૂલીને ૧૭ લોકોને ઘાયલ કરીને ડરાવેલા છે,
સાચો મઝહબ ભૂલીને તમે ગોળીઓની હોળી શાને પ્રગટાવી છે ?

કોઈનું ભલું કરીને શબાબને બદલે જંગલિયતનો શરાબ પીધો,
તમારાં બીબી - બાલ - બચ્ચાં છે, તો મરનારનાય છે - એ વિચાર કીધો ?
★"પંકજ"★- પૂછે ત્રાસવાદીઓને, "શાને આતંકવાદની દીવાસળી સળગાવી છે ?
મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 161**

વિષય : આતંકવાદ- આત્મરક્ષણ- આત્મસંરક્ષણ
શિર્ષક : એક વૈશ્વિક સમસ્યા --આતંકવાદ
પ્રકાર : લેખ શબ્દો : ૧૮૭

આતંકવાદ એ એક વૈશ્વિક સમસ્યા થઈ ગઈ છે. કોઈ પણ દેશમાં આર્થિક, ધાર્મિક કે રાજકીય રીતે અમન કે શાંતિ જળવાઈ રહે તે ખૂબ જરૂરી છે. કેટલાક માથાભારે તત્વો આ શાંતિને અશાંતિમાં ફેરવવા માટે હંમેશા તૈયાર જ હોય છે. આના કારણે દેશની પ્રજાનું પણ પતન થાય છે અને આ અધઃપતનથી દેશ પાયમાલીના પંથે જાય છે.

આતંક એટલે ભય, ડર અને વાદ એટલે વિચારધારા કે સિધ્ધાંત. લોકોમાં ડર કે દહેશત ફેલાવી ને આતંકવાદીઓ પોતાનાં અંગત સંગઠન દ્વારા પ્રજા સમક્ષ એક પ્રકારની માંગણી મૂકે છે જેમાં છેલ્લે અહિંસામાં પરિવર્તિત પામે છે. ચીજ વસ્તુઓ અને જાનમાલની મોટા પ્રમાણમાં ખૂવારી થાય છે. માનવીના નૈતિક મૂલ્યોનું આવા અસામાજિક તત્વોથી પતન થાય છે. માઓવાદી, નક્સલવાદી, અલકાયદા આ બધા આતંકવાદીઓના સંગઠનો દુનિયાભરમાં કુખ્યાત છે.

"દેશ બચાવો, આતંકવાદ ભગાવો" દરેક દેશે સંગઠન કરીને એકજૂથ બનીને સ્વદેશમાં આત્મરક્ષણ અને આત્મસંરક્ષણ માટે હંમેશા ખડેપગે તૈયાર રહેવું જ પડશે. આમજનતા હોય કે સૈનિકો હોય, દેશના બચાવ માટે હંમેશા સાબદા રહેવું પડશે. ઠેરઠેર આતંકીઓનો સામનો કરવાની તાલીમ પણ પૂરી પાડવી જોઈએ કે જેથી અણીના સમયમાં દરેક જણ આવા માથાભારે તત્વોને પૂરજોશથી સામનો કરીને દેશને આવા આતંકીઓથી બચાવી શકે. અસ્તુ.
∞ગ્રીષ્મા પંડ્યા ∞

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***

★વિષય:-"આતંકવાદ,આત્મરક્ષણ - આત્મસંરક્ષણ"★
★શિર્ષક;- "ભરી છે બધી આંખો આંસુથી"★
★પ્રકાર:- પદ્ય - શબ્દ:-૯૩★

ભરી છે બધી આંખો આંસુથી, ઢગ લાશોના જોઈ,
દેશ આખો હિબકે ચડ્યો, દુશ્મનની આંખો ના રોઈ.
ઉઠો,જાગો કરો સામનો,પડકાર છે આતંકની સામે,
શસ્ત્રને સજાવી લેજો,પોતાના આત્મરક્ષણની માટે.
પર્યટકોને હતી ક્યાં ખબર, કે કાળ સામે ઉભો હશે,
અંધાધૂંધ ગોળીબારમાં, ઈશ્વરનો એકજ આશરો હશે.
લોકો કહે છે ભલા માણસ છો, ભલમનસાઈ રાખો તમે,
વાત સારી હશે, આત્મસન્માન માટે આ વાત ત્યાગો તમે.
આતંકવાદ, આત્મરક્ષણ,આત્મસંરક્ષણ વાતો છે અહીં,
સમયની માંગ છે, એક સંપથી દુશ્મનની પાંખો કાપો બધી.

★નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS no 2o5**

વિષય.. આતંક વાદ
શિર્ષક.. ઈન્સાન ની હેવાનિયત
પ્રકાર.. ગદ્ય શબ્દો..૧૫૦

મારશે માનવ માનવ ને તે મને ખબર ન હતી
ઉજળી જશે કેટલાક ના પરિવાર તે મને ખબર ન હતી
બાળ બચ્ચા થય જશે ઘણાય ના અનાથ તે મને ખબર ન હતી
ધર્મ અને મજહબ ના નામ ઊપર થય જશે ધીંગાણું તે મને ખબર ન હતી
તે નફરત ની ભાવના પેદા કરી ને ભડકાવી યો દરેક માણસ ને
તું આટલો બધો નિર્દય માણસ હશે
તેની મને ખબર ન હતી
તું માનવ માંથી દાનવ બનીશ
જાતી ધર્મ પુછી ને કરીશ તું ગોળીબાર
તે મને ખબર ન હતી
વહાં તું શું મૃતકો ની લાશ ઊપર મનાવી શ જશન
નાત જાત ના વાડા બાંધી ને
મીટાવીશ તું એક રશમ
આજ આ પથીક ના દિલ માં ઉભો
થાય શે એક પ્રશ્ન
શું આજ આસમાન માં ગમ ના વાદળો છાયા છે
કે પછી આજ ચાંદ ઊતરી ને ગ્રહણ ને મારવા આવી યો છે
અરે આજ હિન્દુ નથી મારતો
મુસ્લિમ ને કે? મુસ્લિમ નથી મારતો
હિન્દુ ને
આજ ઈન્સાન જ મારે શે ઈન્સાન ને

કવિ શ્રી પથીક ઊર્ફે વિજયસિંહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO :?158**

વિષય:આતંકવાદ, આત્મરક્ષણ
આત્મસંરક્ષણ.
શીર્ષક: ઉઠો જાગો
પ્રકાર: પદ્ય શબ્દો: ૮૯

પહેલગામમાં અચાનક થયો આતંકી હુમલો,
માનવતાના દુશ્મન બની માર્યા નિર્દોષ લોકો!

આતંકવાદરૂપી અંધકારને પ્રકાશથી દૂર કરો,
આત્મસંરક્ષણ માટે સાથે મળી સંઘર્ષ કરો!

આતંકવાદની વિરુદ્ધ મજબૂત બનો,
આત્મરક્ષણ માટે આતંકવાદને હરાવો!
એકતા અખંડિતતા રાષ્ટ્રીય ભાવના નિર્માણ કરો,
રાષ્ટ્રના વિરોધી ગદ્દારોને સખત સજા કરો!

કોઈપણ અનુચિત કાર્ય કરે રાષ્ટ્ર વિરુદ્ધ,
જેલમાં નાખી દો ફાંસી આતંક વિરુદ્ધ યુદ્ધ!

'પ્રેમ' ઉઠો જાગો વતન માટે કરો જીવન અર્પણ,
વતનથી સિવાય બીજું કાંઈ પણ નથી આકર્ષણ!

પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ' આદરીયાણા (સુરેન્દ્રનગર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO -173.**

વિષય-આતંકવાદ,આત્મ રક્ષણ,આત્મ સંરક્ષણ.
શીર્ષક - આતંકવાદ
પ્રકાર- ગદ્ય શબ્દો - ૨૪૭

રાજીવ ગાંધીની યાદમાં ૨૧ મે નાં રોજ 'આતંકવાદ વિરોધી દિવસ' તરીકે મનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આતંકવાદ એ કંઇ આજકાલની સમસ્યા નથી. આતંકવાદ તો યુગોથી ચાલ્યો આવે છે. અગાઉ રાક્ષસો હતાં. આતંકવાદ જુદાં જુદાં સ્વરૂપે મોજૂદ રહ્યો જ છે. ડાકુઓ શું હતાં? આપણે ત્યાં આઝાદી અગાઉ બહારવટિયા હતાં. રાજા-રજવાડાઓ માટે એ આતંકવાદીઓ જ હતાં. દેશમાં અંગ્રેજોનું રાજ હતું ત્યારે આપણે આજે જેને સ્વાતંત્ર સેનાનીઓ ગણીને પૂજીએ છીએ એ બધા અંગ્રેજો માટે ટેરરિસ્ટ જ હતાં. અંગ્રેજોએ ઘણાંને આતંકવાદનાં ગુનામાં ફાંસીનાં માંચડે ટીંગાડી દીધાં હતાં. એ નામો આજે મહાન લોકોની યાદીમાં છે. કોને આતંકવાદ કહેવો અને કોને આઝાદીની લડત કહેવી એ નક્કી કરવું અઘરું છે. ખાલીસ્તાન મૂવમેન્ટ વખતે ભીંદરાનવાલેને ઠાર મારવામાં આવ્યો. એ આતંકવાદી હતો. જોકે આજે પણ અનેક પંજાબીઓ માટે એ હીરો છે. સારો હોય કે ખરાબ, સાચો હોય કે ખોટો પણ આતંકવાદનો કોઈ હેતુ હોય છે. આતંકવાદી સંગઠનો એવાં છે જેની ડિક્ષનરીમાં અહિંસા જેવો શબ્દ નથી! દરેક દેશ પોતાની રીતે ટેરરિઝમની વ્યાખ્યા કરે છે. યુનાઈટેડ નેશને પણ અગાઉ ઘણાં પ્રયત્નો કર્યાં છે, પણ હજુ સુધી ટેરરિઝમની સર્વસ્વીકાર્ય વ્યાખ્યા કરી શક્યું નથી.
હા, મોટાભાગનાં દેશો પોતાની રીતે નક્કી કરી આતંકવાદી સંગઠનોને પ્રતિબંધિત જાહેર કરે છે. ડિઝિગ્નેટેડ ટેરરિસ્ટ ઓર્ગેનાઈઝેશનનું લાંબું લિસ્ટ છે. આપણા દેશે પણ 'સિમિ' એટલે કે સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ ઓફ ઈન્ડિયાથી માંડી ઈન્ડિયન મુઝાહિદીન સુધીનાં સંગઠનોને ટેરરિસ્ટ ઓર્ગેનાઈઝેશન જાહેર કર્યાં છે. બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ, તમિલનાડુ લિબરેશન ફ્રન્ટ, મણીપુર પીપલ્સ લિબરેશન ફોર્સ સહિત અનેક સંગઠનો એવાં છે જે પ્રતિબંધિત છે. આપણાં અનેક રાજ્યોમાં આતંકવાદી જૂથો સક્રિય છે. આખી દુનિયામાં ટોટલ કેટલાં ટેરરિસ્ટ ઓર્ગેનાઈઝેશન છે? ગણ્યાં ગણાય નહીં એટલાં!

-ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'

# થલતેજ વિસ્તારમાં આવેલી સરકારી 'થલતેજ અનુપમ શાળા -૨'માં વાલીઓની એડમિશન માટે પડાપડી - વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના એડમિશન માટે વેઇટિંગ લિસ્ટ બહાર પાડ્યું

'સરકારી સ્કૂલોમાં એડિશમન માટેની લાઇન અને વેઇટિંગ લિસ્ટ...'' કદાચ આ શબ્દો તમારા કાને પડતા તમે એક સેકેન્ડ માટે તો આશ્ચર્યચકિત થઇ જશો અને જરૂરથી કહેશો કે, અરે ના હોય ! આવું તો માત્ર પ્રાઇવેટ સ્કૂલમાં જોવા મળે, સરકારી સ્કૂલોમાં થોડું આવું હોય ! પણ આ વાત એટલી જ સત્ય છે કે, હવે સરકારી સ્કૂલોમાં એડમિશન માટેની લાઇનો પણ લાગી રહી છે અને કેટલીક સરકારી સ્કૂલો દ્વારા વેઇટિંગ લિસ્ટ પણ બહાર પાડવામાં આવી રહ્યું છે. જેનું તાજું ઉદાહરણ થલતેજ વિસ્તારમાં આવેલી સરકારી થલતેજ અનુપમ શાળા – ૨ એ પૂરું પાડ્યું છે. રાજ્યમાં સરકારી શાળાઓમાં વધેલી શૈક્ષણિક સુવિધાઓ અને અન્ય માળખાગત સુવિધાઓની સાથે ટેક્નોલોજીના સમન્વયથી વિદ્યાર્થીઓને શિક્ષણ અપાય છે, તેને પગલે સરકારી શાળાઓ સ્માર્ટ સ્કૂલમાં પરિર્વિતત થઇ રહી છે. આ બાબતોને ધ્યામાં રાખીને આ વર્ષે થલતેજ અનુપમ શાળા – ૨માં વિદ્યાર્થીઓના એડમિશનને લઇને વાલીઓની લાંબી લાઇનો તો જોવા મળી, સાથો-સાથ આ વર્ષે સ્કૂલ દ્વારા વેઇટિંગ લિસ્ટ પણ બહાર પાડવામાં આવ્યું છે.



આ પ્રકારની પરિસ્થિતિ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સાત ઝોનની અંદાજિત ૨૫થી વધુ સરકારી શાળાઓમાં જોવા મળી રહી છે. જેમાં ઘાટલોડિયા, સાબરમતી, થલતેજ, જોધપુર, એલિસબ્રિજ, નારણપુરા, અસારવા, બાપુનગર, નરોડા, અમરાઇવાડી, મણિનગર, વટવા, બહેરામપુરા, નિકોલ, વસ્ત્રાલ, દાણીલિમડા, દરિયાપુર, મોટેરા, ઠક્કરબાપાનગર વિસ્તારની સરકારી સ્કૂલોનો સમાવેશ થાય છે.

આ વર્ષે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે નામાંકન સર્વે મુજબ બાળકોની સંખ્યાની વાત કરીએ તો, બાળવાટિકામાં પ્રવેશપાત્રની બાળકોની સંખ્યા ૮૨૫૫ તેમજ ધોરણ ૧માં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૫૦૧ છે, આમ કુલ ૯૭૫૬ પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા છે.

રાજ્ય સરકાર બાળકોને બાળમંદિરથી લઇને ઉચ્ચ શિક્ષણ સુધી શિક્ષાની દિશા આપવા માટે રાજ્ય સરકારે શિક્ષણનું સુદ્રઢ માળખુ વધુ સારી રીતે વિકસિત કરીને નવા આયામો સાથે લાખો બાળકોને તેમના સર્વાંગી વિકાસ માટે શિક્ષિત કરી રહી છે. સમયની સાથે કદમ મિલાવીને આજની જરૂરિયાત પ્રમાણે શિક્ષણ વ્યવસ્થા સરકારી સ્કૂલોમાં કરવામાં આવી છે. રાજ્ય સરકારે શહેરથી લઇને ગ્રામિણ વિસ્તારોમાં સ્માર્ટ એજ્યુકેશન પર ભાર મૂકયો છે, ક્વોલિફાઇડ શિક્ષકો સાથે ગુણવત્તાસભર શિક્ષણ વ્યવસ્થાના કારણે વાલીઓને સરકારી શાળાઓની શિક્ષણ વ્યવસ્થા પર વિશ્વાસ વધ્યો છે. રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ સુધારવા માટે જે પ્રકારની કામગીરી થઇ રહી છે તેના પરિણામે એવું ફળ મળ્યું છે કે સેલ્ફ ફાઇનાન્સ શાળા છોડીને હવે વાલીઓ તેમનાં બાળકોને સરકારી શાળામાં મૂકતા થયા છે. થલતેજ અનુપમ(સ્માર્ટ) પ્રાથમિક શાળા નંબરમાં ખાનગી શાળામાંથી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની સંખ્યાની વાત કરીએ તો, વર્ષ ૨૦૨૨-૨૩માં ૪૪, વર્ષ ૨૦૨૩-૨૪માં ૭૯ અને વર્ષ ૨૦૨૪-૨૫માં ૬૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

અમદાવાદ શહેરના છેલ્લાં ૧૧ વર્ષના આંકડા જોઇએ તો, કુલ ૫૫,૬૦૫ વિદ્યાર્થીઓએ ખાનગી સ્કૂલ છોડી સરકારી પ્રાથમિક શાળામાં એડમિશન લીધું છે. જેમાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં કુલ ૪૩૯૭ વિદ્યાર્થીઓ, ૨૦૧૫-૨૦૧૬માં ૫૪૮૧ વિદ્યાર્થીઓ, ૨૦૧૬-૨૦૧૭માં ૫૦૦૫ વિદ્યાર્થીઓ, ૨૦૧૭-૨૦૧૮માં ૫૨૧૯ વિદ્યાર્થીઓ, ૨૦૧૮-૨૦૧૯માં ૫૭૯૧ વિદ્યાર્થીઓ, ૨૦૧૯-૨૦૨૦માં ૫૨૭૨ વિદ્યાર્થીઓ, ૨૦૨૦-૨૦૨૧માં ૩૩૩૪ વિદ્યાર્થીઓ, ૨૦૨૧-૨૦૨૨માં ૬૨૮૯ વિદ્યાર્થીઓ, ૨૦૨૨-૨૦૨૩માં ૯૫૦૦ વિદ્યાર્થીઓ, ૨૦૨૩-૨૦૨૪માં ૫૩૧૫ તેમજ ૨૦૨૪-૨૦૨૫માં ૪૩૯૯ જેટલા વિદ્યાર્થીઓએ સેલ્ફ ફાઇનાન્સ શાળા છોડી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે.

આ અંગે વાત કરતા અમદાવાદ શાસનાધિકારી ડૉ. એલ.ડી. દેસાઈ કહ્યું કે, 'રાજ્ય સરકારની શિક્ષણલક્ષી યોજનાઓ જેમકે નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી પુરસ્કૃત સ્કોલરશીપ યોજનાઓ, રાજ્ય સરકાર દ્વારા ભરતી કરવામાં આવતા ઉચ્ચ લાયકાત ઘરાવતા તાલીમબદ્ધ શિક્ષકો, મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગતની શાળાઓ, સ્માર્ટ શાળા, અદ્યતન કમ્પ્યૂટર લેબ, સાયન્સ લેબ, સ્કિલ ડેવલોપમેન્ટ અંતર્ગત પ્રોગ્રામ તેમજ માળખાકીય સુવિધામાં વધારો આ બધા પરિબળોને કારણે વાલીઓને દ્દઢ વિશ્વાસ થયો છે કે તેમના બાળકને ખાનગી શાળાઓ કરતાં પણ અનેકગણું ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહ્યું છે. એટલું જ નહીં, કોર્પોરેશનની સરકારી શાળાઓમાં તેમનાં બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય પણ તેઓ જોઇ રહ્યા છે.

તેમણે વધુમાં કહ્યું કે, સરકારી નીતિઓને કારણે પણ વાલીઓ સરકારી સ્કૂલ્સ તરફ વિચારતા થયા છે. રાજ્ય સરકારની શિક્ષણ વિષયક યોજનાઓ તેમજ બાળકોને મળતા લાભો વિશે વાલીઓને જાગૃત કરવામાં આવે છે. આ બધા પરિણામોને કારણે વાલીઓ સરકારી સ્કૂલમાં પણ ખાનગી સ્કૂલ કરતા શ્રેષ્ઠ શિક્ષણ મળે છે તે જાણ્યા, અનુભવ્યા અને મુલાકાત લીધા બાદ તેમનાં બાળકોને પ્રાઇવેટ સ્કૂલમાંથી ઉઠાવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવે છે. એટલું જ નહીં, નવા શૈક્ષણિક સત્ર માટે પણ શિક્ષકોને એડમિશન માટેની જવાબદારી સોંપવામાં આવી છે. આ શિક્ષકો દરેક વિસ્તારમાં જઈ વાલીઓને મળી સરકારી સ્કૂલ્સમાં એડમિશન લેવાના ફાયદા અંગે જણાવી રહ્યા છે. આ વર્ષે ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધી એડમિશન પ્રોસેસ ચાલું રહેવાને કારણે આ વર્ષના આંકડામાં હજુ પણ વધારો થઇ શકે એમ છે.

જ્યારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતીના ચેરમેન શ્રી ડૉ.સુજય મહેતાએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જ્યારે બે-અઢી દાયકા અગાઉ મુખ્યમંત્રી તરીકે ગુજરાતની કમાન સંભાળી ત્યારથી રાજ્યમાં શિક્ષણની નવતર પરિભાષા વિકસી હતી. કોઇ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે શાળા પ્રવેશોત્સવની વિચારધારા અત્યંત ઉપયોગી પુરવાર થઇ છે. એટલું જ નહીં, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ અંતર્ગત મહત્તમ આયામોનો સમાવેશ કરવાનો પ્રયાસ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્કૂલ બોર્ડની શાળાઓમાં કરવામાં આવ્યો છે અને તેના પરિણામે આજે સરકારી સ્કૂલોમાં ૧૦૦ ટકા નામાંકન થઇ રહ્યું છે. આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત શાળાઓની એકેડમિક સ્ટ્રેન્થ વધવી, માળખાકીય સુવિધાઓમાં વધારો થવો, રેસિડેન્શિયલ સ્કૂલ, સ્માર્ટ સ્કૂલ, આધુનિક પ્રયોગશાળાઓ, વિદ્યાર્થીઓને સ્કિલ ડેવલોપમેન્ટ અંગેના અભ્યાસક્રમો અને સ્કૂલ મેનેજમેન્ટ કમિટી સક્રિય બનાવાથી પણ ઘણો ફાયદો થયો છે. આ સિવાય સરકારી શાળાઓમાં રમતગમતના મેદાન, હાઈટેક ટિચિંગ ક્લાસ, સ્વચ્છતા તથા ક્વોલિફાઈડ શિક્ષકો હોવાથી ખાનગી સ્કૂલ્સ સામે સ્પર્ધા શરૂ થઈ છે.

તેમણે વધુમાં કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હાલની ૨૧૪ શાળાઓમાં નાની-મોટી માળખાકિય સુવિધા યુક્ત કામગીરી ચાલી રહી છે. મિશન

આભાર - નિહારીકા રવિયા સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત શાળાઓનું નવિનીકરણનું કામ ચાલી રહ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ શાળાઓનું નિર્માણ થયું છે. એટલું જ નહીં, અંદાજિત ૧૮ જગ્યાઓ પર નવી સ્કૂલોનું નિર્માણ પણ થઇ રહ્યું છે. ભિક્ષા નહીં શિક્ષા પ્રોજેક્ટ અંતર્ગત રોડ પર ભિક્ષાવૃતિ કરનાર વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ ચાલી રહ્યું છે.

આમ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, કોર્પોરેશન અને સ્કૂલ બોર્ડના ઉપક્રમે આ પ્રકારની માળખાકિય સુવિધાયુક્ત શિક્ષણ, ટેક્નોલોજીયુક્ત શિક્ષણ, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સમયની સાથે ખભે થી ખભો મિલાવીને જરૂરી તમામ પ્રકારની શૈક્ષણિક અને સહ-અભ્યાસિક પ્રવૃતિ કરવાનું કામ પણ ચાલી રહ્યું છે. આ તમામ બાબતોને કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓનો વિશ્વાસ સરકારી શાળાઓ પ્રત્યે વધ્યો છે. આગામી સમયમાં જે વિશ્વાસ વાલીઓ અને વિદ્યાર્થીઓએ મૂક્યો છે તેને પૂર્ણ કરવામાં સ્કૂલ બોર્ડ કટિબદ્ધ અને પ્રતિબદ્ધ છે.

# આચાર્ય લોકેશજી, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, સાંસદ મનોજ તિવારીએ દિલ્હીમાં બાગેશ્વર ધામ સરકારની કથા સંબોધી.



જૈન આચાર્ય લોકેશજી, અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક, દિલ્હીના મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તા, સાંસદ મનોજ તિવારીએ પશ્ચિમ વિહાર, દિલ્હીમાં આયોજિત આચાર્ય ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી બાગેશ્વર ધામ સરકારની શ્રી હનુમાન કથાને સંબોધિત કરી હતી. કથાના મંચ પર પૂજ્ય બાગેશ્વર ધામ સરકાર અને પૂજ્ય જૈન આચાર્ય લોકેશજીની સૌહાર્દપૂર્ણ મુલાકાત જોઈને શ્રોતાઓ ભાવુક થઈ ગયા હતા.આ અવસરે વિશ્વ શાંતિ દૂત જૈન આચાર્ય લોકેશજીએ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અંગે શોક વ્યક્ત કર્યો હતો અને વિશાળ જનમેદનીને જાતિ, પ્રદેશ, ભાષા કે સંપ્રદાયના નામે વિભાજિત ન થવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. તેમણે કહ્યું કે ભારતની એકતા અને અખંડિતતા જાળવવી એ દરેક ભારતીયની ફરજ છે, એકતા સાથે આપણે ભારતના દુશ્મનોનો સામનો કરવા માટે સંકલ્પબદ્ધ થવું પડશે.આચાર્ય ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે આ ધાર્મિક શક્તિ રાજશક્તિનો અદ્ભુત સંગમ છે. આચાર્ય ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ કથામાં હાજર રહેલા દિલ્હીના મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તા અને સાંસદ મનોજ તિવારીને કહ્યું કે, કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા સામે સરકારે તાત્કાલિક કડક પગલાં લેવા જોઈએ. આચાર્ય ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ હિંદુઓને એક થવાની અપીલ કરી અને ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવાની માંગ કરી.દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાજીએ વ્યાસપીઠ અને આદરણીય સંતોના આશીર્વાદ લીધા હતા અને પોતાની લાગણી વ્યક્ત કરતાં કહ્યું હતું કે પહેલગામની પવિત્ર ભૂમિ પર આતંકવાદના ડાઘ દરેક ભારતીયના હૃદયને વીંધી નાખ્યા છે. આ હુમલો નથી, આ ભારતની આત્મા પર હુમલો છે. વધુમાં કહ્યું કે પહેલગામ હુમલાનો જડબાતોડ જવાબ આપવાનો વડાપ્રધાનશ્રી મોદીજીનો સંકલ્પ મક્કમ છે.સાંસદ મનોજ તિવારીએ કહ્યું કે ભારતમાં તમામ ધર્મના લોકો એકબીજા સાથે સુમેળમાં રહે છે, આ પ્લેટફોર્મ તેનું પ્રતિક છે. તેમણે કહ્યું કે તમામ ધર્મ માનવતાની વાત કરે છે, હિંસા માત્ર અરાજકતા ફેલાવે છે.

# ૩૦ એપ્રિલ એટલે “અખાત્રીજ”નો શુભ દિવસ



વૈશાખ મહિનાની શુક્લ પક્ષની ત્રીજને અખાત્રીજ કહેવાય છે. જેને અક્ષય તૃતિયા પણ કહેવાય છે. કારણ કે આ પવિત્ર દિવસે જે જે દાન-પુણ્ય કરીએ, જે જે જપ-તપ કરીએ તે તે અક્ષય બને છે. તેથી આ ત્રીજને અક્ષય તૃતિયા પણ કહેવાય છે. શાસ્ત્રએ આ તિથિને સ્વયંસિદ્ધ મૂહર્તોમાં ગણતરી કરી છે. આ દિવસે કોઈ પંચાગ કે ચોઘડિયા જોવામાં આવતા નથી. આખો દિવસ શુભ કાર્યો માટે ખૂબ યોગ્ય હોય છે. નવિન વસ્ત્ર, આભૂષણ, ઘર, દુકાન, ફ્લેટ, મકાન, જમીન ખરીદવા માટે ખૂબ જ સુંદર દિવસ કહેવાય છે. આ દિવસે ઉદ્ઘાટન, ગૃહપ્રવેશ, વિવાહ, વેવીશાળ જેવા કાર્ય શ્રેષ્ઠ મનાય છે.

પુરાણમાં લખ્યું છે કે આ દિવસે મધ્યાહન સમયે પિતૃ તર્પણ અને પીંડદાન કરવાથી તેમજ દાન- પુણ્ય કરવાથી પિતૃઓને મોક્ષ પ્રદાન થાય છે. આ દિવસે ગંગાસ્નાન કરવાથી તેમજ શ્રીહરિ વિષ્ણુ અને લક્ષ્મીજીની એકસાથે પૂજા કરવાથી વિશેષ ફળ પ્રદાન થાય છે. આ દિવસે આપણામાં રહેલા તમામ દૂર્ગુણો પ્રભુને સોંપીને તેની પાસેથી સદગુણોની અનમોલભેટ અને વરદાન માંગવાની પરંપરા છે. કહેવાય છે કે કુબેરજી જયારે લક્ષ્મી હીન થઈ ગયા હતા, ત્યારે શિવજીએ અખાત્રિજે શ્રીહરી વિષ્ણુ તથા લક્ષ્મીજીની ઉપાસના કરવા જણાવ્યું. કુબેરજીએ આ દિવસે વિશેષ ઉપાસના કરીને પુનઃ ધનસંપતિ પ્રાપ્ત કરી. તેથી આ દિવસે લક્ષ્મીજીને પ્રસન્ન કરનાર સુવર્ણ ખરીદવાનું મહત્વ છે. આ દિવસે લક્ષ્મીનારાયણની પૂજા સફેદ અથવા પીળા ગુલાબ અને કમળથી કરવામાં આવે છે. નારાયણ અવતાર, પરશુરામજીનો અવતાર આજ દિવસે થયો હતો. ઉત્તરાખંડમાં બદ્રીનારાયણ મંદિરના દરવાજા આજ દિવસથી ખુલ્લા મુકાય છે. વૃંદાવનમાં માત્ર આ એકજ દિવસ બાંકેબીહારીના શ્રીવીગ્રહના ચરણ દર્શન થાય છે. આ દિવસે મહાભારત યુદ્ધનો અંત થયો હતો. દ્વાપરયુગનું સમાપન પણ આજ દિવસે થયું હતુ.




જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગુજરાત દ્વારા ડાકોર શહેરમાં યાત્રિકો માટે અલગ અલગ જગ્યા પર પાણી ની પરબ મુકવામાં આવી છે ડાકોર શહેરમાં પ્રતિક ચૌહાણ , અજય પટેલ,મિતુલ પટેલ દ્વારા આયોજન કરવામાં આવેલ છે અને આખા ગુજરાતમાં જ્યાં જ્યાં જનસેવાની ટીમ છે ત્યાં તમામ જગ્યા પર જનસેવાની ટીમ દ્વારા પાણી ની પરબ મુકવામાં આવી છે પાણીની પરબ ના દાતા શ્રી પ્રભાકરભાઈ કનોજીયા છે જે જનસેવા સંગઠનની ટીમમાં અમદાવાદ જિલ્લાની પ્રમુખ પદ તરીકે નિમણૂક કરવામાં આવી છે, જય શ્રી રામ

# વિશ્વ નૃત્ય દિવસ ના ઉપ્લક્ષ માં અમદાવાદ ખાતે કુ શીતલ મકવાણા ની સંસ્થા નૃત્ય સંગીન ડાન્સ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા "યુવા સંગીની" કળા અને સંસ્કારની યુવા યાત્રા , સ્થળ :ડોક્ટર શ્યામા પ્રસાદ મુખર્જી ઓડિટોરિયમ ગુજરાત યુનિવર્સિટી ભવ્યાતિભવ્ય કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું



વિશ્વ નૃત્ય દિવસ ના ઉપ્લક્ષ માં અમદાવાદ ખાતે કુ શીતલ મકવાણા ની સંસ્થા નૃત્ય સંગીન ડાન્સ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા "યુવા સંગીની" કળા અને સંસ્કારની યુવા યાત્રા , સ્થળ :ડોક્ટર શ્યામા પ્રસાદ મુખર્જી ઓડિટોરિયમ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ,તારીખઃ ૨૭ ૪ ૨૦૨૫ સમયઃ રાત્રે ૭ કલાકે ભવ્યાતિભવ્ય કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું

કાર્યક્રમની ગરિમા અને માન વધાર્યું સમાજ ના તમામ ક્ષેત્રના નામાંકિત વ્યક્તિ ઓ એ જેમાં કાર્યક્રમ નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું પદ્મશ્રી શ્રી વિષ્ણુ પંડ્યા પૂર્વ અધ્યક્ષ, સાહિત્ય અકાદમી દ્વારા, સાથે સ્થાન શોભાવ્યું અતિથિ વિશેષ તરીકે શ્રી જયેશ વી. ભૈરવીયા — જ્યુડિશિયલ મેમ્બર અને એચ.ઓ.ડી., સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ, અમદાવાદ જેમની વિશેષ ગરિમામય ઉપસ્થિતિ રહી તેવા શ્રી સુરેન્દ્ર સી. પટેલ — ડિઝાઈનર- વિશાલા,શ્રી કમલેશ ઉદાસી પૂર્વ પ્રોજેક્ટ ડિરેક્ટર- ડેકુ ઈસરો અને શ્રી જનક જે . ઠક્કર અભિનેતા અને કન્વીનર સાંસ્કૃતિક સેલ ભાજપ સાથે વિશેષ આમંત્રિત કલા ગુરુ ની હાજરી એ કાર્યક્રમની રોનક વધારી જેમાં સુરત થી શ્રી કપિલ દેવ શુક્લ— નાટ્ય (ગુજરાત ગૌરવ પુરસ્કૃત),વડોદરા થી શ્રીમતી જૂથિકા મહેન — શાસ્ત્રીય નૃત્ય (ગુજરાત ગૌરવ પુરસ્કૃત), વડોદરા થી શ્રીમતી પારુલ પટેલ — શાસ્ત્રીય નૃત્ય (ગુજરાત ગૌરવ પુરસ્કૃત), અમદાવાદ થી શ્રીમતી ખમ્મા શાહ — શાસ્ત્રીય નૃત્ય (ગુજરાત ગૌરવ પુરસ્કૃત).

છેલ્લા ચાર વર્ષથી સંસ્થાની દીકરીઓ ને કલા ક્ષેત્રે કાર્યરત રહેવા બદલ પુરસ્કૃત કરવામાં આવે છે.આ પાંચમા વર્ષે જ્યારે નૃત્યને યુનેસ્કોમાં સ્થાન મળ્યું છે ત્યારે ન માત્ર શાસ્ત્રીય નૃત્ય ભરતનાટ્યમ પરંતુ ભારતના તમામ શાસ્ત્રીય નૃત્યના કલાગુરુઓ ગુજરાતમાં થી એકત્ર થઈ એક મંચ એક સંસ્કૃતિ થી રંગમંચ દીપાવી દીધું.

ભરતનાટ્યમ માં અમદાવાદ થી શ્રીમતી બિનલ વાલા, વડોદરાથી શ્રીમતી મૈથિલી દેસાઈ,શ્રીમતી નીલમ પાઠક,ડો રાગિણી શાહ, સુરત થી શ્રીમતી ઊર્જિતા કિનારીવાળા, કથક માં ભાવનગર થી શ્રી જીગર ભટ્ટ , અમદાવાદથી મોહિની અટ્ટમ માં શ્રીમતી પ્રિયા નાયર ,કુચીપુડી માં વનિથા નાગરાજન , ઓડીસી માં શ્રીમતી સુધારાની , જેવા ભારતની ધરોહર એવા શાસ્ત્રીય નૃત્યને અમદાવાદના આંગણે એક સંસ્કૃતિ એક રંગમંચ ઉપર પ્રસ્તુત કર્યા.

સંસ્થા ની દીકરી ડો દિપાલી માલવિયા ના કાર્ય ને અને સંસ્થા પ્રત્યે ની નિષ્ઠા ને ધ્યાન માં લેતા આ વર્ષે યુવસંગીની નું બિરૂદ આપવામાં આવ્યું.

આ વર્ષ થી નવી પ્રણાલી શરૂ કરવામાં આવી, સંસ્થા બહારની કલાકારને યુવા સન્માન દ્વારા સન્માનિત કરવાનું નક્કી કરવામાં આવ્યું .જેમાં આ વર્ષે વડોદરાથી ડો . રાગિણી શાહ ની પસંદગી કરી. તમામ કલાગુરુ અને આમંત્રિત મહેમાનો ની ઉપસ્થિતિમાં આ બંને દીકરીઓ ને સન્માનિત કરવામાં આવ્યા.

સામગ્ર કાર્યક્રમ માં આનંદ ની વાત એ રહી કે જુથીકા બેન તેમજ પારુલ બેન એ પણ નૃત્ય કરી યુવા પેઢી ને સતત નૃત્ય કરતા રહો તેવો સંદેશો આપ્યો.

# મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના, સેશન્સ કોર્ટે જયસુખ પટેલ સહિત ૧૦ આરોપીઓની ડિસ્ચાર્જ અરજી ફગાવી



મોરબી ઝુલતા પુલકાંડના આરોપી જયસુખ પટેલને સેશન્સ કોર્ટે ઝટકો આપ્યો છે. મોરબીની સેશન્સ કોર્ટે ઓરેવા ગ્રૂપના જયસુખ પટેલ સહિત તમામ આરોપીઓની ડિસ્ચાર્જ અરજી રદ કરી છે. નોંધનીય છે કે, આરોપીઓએ તેમની સામે નોંધાયેલી આઈપીસી કલમો હેઠળ ગુનો બનતો નથી તેવી દલીલ સાથે ડિસ્ચાર્જ અરજી દાખલ કરી હતી. મળતી માહિતી અનુસાર, મોરબી ઝુલતા પુલ દુર્ઘટના કેસમાં બુધવારે (૨૮મી એપ્રિલ) અરજીની સુનાવણી દરમિયાન સરકારી વકીલે કરેલી દલીલો અને રજૂ કરેલા વિવિધ કોર્ટના ચુકાદાઓને ધ્યાનમાં લઈને કોર્ટે આ નિર્ણય લીધો છે.

મોરબીના મચ્છુ નદી પર આવેલા ઝુલતા પુલને રિપેર કરવાનો કોન્ટ્રાક્ટ ઓરેવા ગ્રુપના જયસુખ પટેલને આપવામાં આવ્યો હતો. પુલની મજબુતાઈ ચકાસ્યા વગર ઓરેવા ગ્રુપ દ્વારા આ બ્રિજને મુલાકાતીઓ માટે ખુલ્લો મુકી દેવામાં આવતા પુલ ધસી પડ્યો હતો અને આ ઘટનામાં ૧૩૫ લોકોના મોત થયા હતા.

# વડોદરામાં ખંડેરાવ માર્કેટથી કીર્તિ સ્તંભ થઈને કાલાઘોડા સુધીના હંગામી દબાણોનો સફાયો : ગણતરીની મિનિટોમાં ગોઠવાઈ ગયા



વાહન વ્યવહાર અને ટ્રાફિકથી ધમધમતા ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં દિવસ રાત સતત ગેરકાયદે હંગામી દબાણોનો રાફડો રહે છે. માથાના દુખાવા રૂપ બનેલા આ દબાણો દબાણ શાખા દ્વારા હટાવાયાની ગણતરીની મિનિટોમાં જ દબાણો યથાવત થઈ જાય છે. દબાણ શાખાની ટીમે ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા આસપાસના હંગામી દબાણો સહિત કીર્તિ સ્તંભથી કમાટીબાગ કાલાઘોડા સુધીના રોડ રસ્તા અને બંને બાજુ અને વાહન વ્યવહારને અડચણરૂપ લારી ગલ્લા તંબુઓ હટાવીને રસ્તા ખુલ્લા કર્યા હતા. પાલિકાની દબાણ શાખાની ટીમે ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા આસપાસના ફ્રુટની લારીઓ, ગલ્લા અને પથારાના દબાણો તથા આસપાસના ગેરકાયદે હંગામી દબાણોનો સફાયો કર્યો હતો. માર્કેટથી કીર્તિ સ્તંભ સુધીના રોડ રસ્તાની બંને બાજુએ ટ્રાફિકને અડચણરૂપ આવા જ હંગામી દબાણો છેક કાલાઘોડા કમાટીબાગ સુધી રોડ રસ્તામાં ટ્રાફિકને નડતરરૂપ લારી ગલ્લા સહિત શેરડીના રસના કોલા અને કેરીના તંબુઓના હંગામી દબાણનો સફાયો કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે પાલિકાની દબાણ શાખાની ટીમે કરેલી આ કાર્યવાહીની ગણતરીની મિનિટોમાં જ પુનઃ દબાણો યથા સ્થાને ગોઠવાઈ જાય છે. જેથી પાલિકા તંત્ર દ્વારા દબાણ શાખાએ કરેલી આ કામગીરી ફારસ રૂપ બની જાય છે. જોકે પાલિકા તંત્રની દબાણ શાખા દ્વારા સોમવારે મદનઝાપા રોડના દૂધવાળા મહોલ્લા સહિત આસપાસના વિસ્તારના પણ હંગામી દબાણ હટાવવાની કાર્યવાહી પાલિકા તંત્ર દ્વારા હાથ ધરાઈ હતી.

# ગાંધીનગર શુકન હાઈટ સોસાયટી રાંદેસણ ખાતે કાશ્મીરના પહેલગામ આંતકવાદી હુમલાના મૃતકોના આત્માની શાંતિ માટે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર શુકન હાઈટ સોસાયટી રાંદેસણ ખાતે પહેલગામમાં માર્યા ગયેલા મૃતકો ના આત્માની શાંતિ આપવા શ્રદ્ધાંજલિ અને આંતકવાદ ને વખોડવા માટે કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં પૂર્વ ચેરમેનશ્રી મયુરસિંહ વાઘેલા હાલના ચેરમેન શ્રી રાજેશકુમાર પરમાર વાઈસ ચેરમેન શ્રી રઘુરસિંહ ઝાલા પૂર્વ ખજાનચી શ્રી મનીષભાઈ ઠક્કર સેક્રેટરી શ્રી ગજેન્દ્રસિંહ બારડ ખજાનચી શ્રી જગદીશભાઈ પટેલ, પ્રદેશ પ્રવક્તાશ્રી શૈલેષભાઈ પરમાર,હરદેવસિંહ રાઠોડ સંચાલક મંડળના સભ્ય શ્રી પ્રવીણભાઈ દેસાઈ ,બાલુભાઈ ડોડીયા વરિષ્ઠ સભ્ય હર્ષવર્ધનભાઈ મોદી, અનિરુદ્ધસિંહ ઝાલા, મહેન્દ્રસિંહ ચાવડા ,ઉષાબેન ,કૃપાબેન વડાલીયા, સાવિત્રીબા ચાવડા ,ભાવનાબા વાઘેલા ,ચંદ્રિકાબેન જોશી ભારતીબેન તેમજ નાના બાળકો ઉપસ્થિત રહી ભારત માતાના નારા સાથે અલગ- અલગ પ્રકારના સ્લોગનના પોસ્ટર દ્વારા આંતકીઓના અમાનવીય કૃત્ય ને વખોડ્યું હતું



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.